VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પરિપત્ર

યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુદાનિત કોલેજોમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતા આચાર્યશ્રીઓને આથી જણાવવાનું કે, યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોની સ્થાનિક તપાસ સમિતિના સંદર્ભમાં વર્ગ અને અધ્યાપકોના કાર્યભારની ગણતરી અંગે સ્પષ્ટતા કરવા અંગે વિચારણા કરી એકેડેમિક કાઉન્સિલે તેની તા.૨૩–૦૮–૨૦૨૧ની ભલામણ ક્રમાંક:(૧૧) થી સિન્ડિકેટને કરેલ ભલામણ ઉપર વિચારણા કરી સિન્ડિકેટની તા.૦૨–૦૯–૨૦૨૧ની સભાના ઠરાવ ક્રમાંક: (૦૬) અન્વયે નીચે મુજબ ઠરાવેલ છે.

:: **આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ તા.૨૩/૦૮/૨૦૨૧ની સભાનાં ઠરાવ ક્રમાંક: (૧૧) થી કરેલ ઉપરોકત ભલામણ સંદર્ભે કોઈ પણ કારણોસર સંખ્યામાં થતા ફેરફારને અનુલક્ષીને વર્ગદીઠ સંખ્યાના આધારે જે તે પ્રોગ્રામ માટેના કાર્યભારની ગણતરી માટે જે તે પ્રોગ્રામમાં ડિવીઝન દીઠ મંજૂર થયેલ બેઠકો કરતા જો ૫૦% થી વધુ વિદ્યાર્થીઓ થાય તેવા સંજોગોમાં નવું ડીવીઝન ગણતરીમાં લેવું.**

**કુલ કાર્યભારની ગણતરી માટે પૂર્ણાંક સંખ્યાના Lower Bound મુજબ જ અધ્યાપકોની ગણતરી કરવાની રહેશે. (ઉદાહરણ તરીકે જરૂરી અધ્યાપકોની સંખ્યા ૩.૯૯ થતી હોય તો પૂર્ણાંક Lower Bound તરીકે ૩ ગણવામાં આવે.) કાર્યભાર સંદર્ભે પ્રથમ વર્ષ માટે મંજૂર થયેલી સંખ્યા/ વર્ગના ઉપર કાર્યભાર ગણવાનો રહેશે. અને બીજા અને ત્રીજા વર્ષ માટે વિદ્યાર્થીઓની વાસ્તવિક સંખ્યાને ધ્યાનમાં લઈ કાર્યભાર ગણવાનો રહેશે.**

**અધ્યાપકના કાર્યભારની ગણતરી અધ્યાપકદીઠ પ્રતિ સપ્તાહ Actual Teaching(Including Practical) સોળ કલાકના કાર્યભાર મુજબ કરવાની રહેશે.**

**જે અભ્યાસક્રમોમાં તેની એપેક્ષ બોડીના નિયમો લાગુ પડતા હોય તેવા કિસ્સામાં એપેક્ષ બોડીના નિયમ અનુસાર ઈન્ટેકના નિયમો અને કાર્યભાર ગણવાનો રહેશે.**

સિન્ડિકેટના ઉપરોકત ઠરાવનો ચુસ્તપણે અમલ કરવો. જે વિદિત થાય.

ઈ. ચા. કુલસચિવ

ક્રમાંક: એસ–એ.(કાર્યભાર)/(૨૧)/૧૩૭૧૭
યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા.૧૪–૦૯–૨૦૨૧

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ તથા અનુદાનિત કોલેજોમાં સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતા આચાર્યશ્રીઓ .......જાણ તથા જરૂરી અમલ થવા સારું.